### દાહોદના કાળીતલાઈ નજીક કુશળગઢ-અલીરાજપુર નેશનલ હાઈવે પર કરૂણાંતિકા સર્જાઈ

# દાહોદ પાસે ત્રિપલ અકસ્માત : 3 ના મોત

**ઈકો કાર, ક્રુઝર અને** બાઈક વચ્ચેની
ટક્કર : એક યુવક ગંભીર : બાઈક સળગી



(પ્રતિનિધ) દાહોદ તા.23
દાહોદમાંથી પસાર થતા કુશળગઢ-અલીરાજપુર હાઈવે પર કાળી તલાઈ નજીક આવેલી સતી તોરલ હોટલ પાસે સાંજના સમયે ઈકો કાર, ક્રુઝર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ત્રણ યુવકોનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકમાં આગ ભભૂકી ઊઠતાં ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, છાપરી ગામના 15 વર્ષીય યોગેશ ભુરીયા અને 20 વર્ષીય મિલન ભુરીયા GJ-20-BH-4864 નંબરની બાઈક પર સવાર થઈ સતી તોરલ હોટલ નજીકથી છાપરી ગામ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન GJ-05-JA-3987 નંબરની ઈકો કારમાં મુવાલિયા ગામના 28 વર્ષીય સાગર ચંદ્રસિંહ ડામોર તથા GJ-17-CK-9283 નંબરની ક્રુઝર ગાડીમાં પાવડી ગામના 40 વર્ષીય પ્રકાશભાઈ સમસુભાઈ ભાભોર સવાર હતા. ત્રણેય વાહનો વચ્ચે અકસ્માત સર્જાતાં ગંભીર દુર્ઘટના બની હતી.અકસ્માત દરમિયાન બાઈકમાં આગ લાગી હતી. બનાવની જાણ થતાં દાહોદ રૂરલ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગને જાણ કરાતાં ફાયર ફાઈટર પણ સ્થળ પર દોડી આવ્યું હતું અને પાણીનો મારો ચલાવી બાઈકમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. બીજી તરફ, સ્થાનિક લોકોની મદદથી પોલીસે ભારે જહેમત બાદ ઈકો કાર અને ક્રુઝરમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા.અકસ્માતમાં બાઈક સવાર બંને યુવકો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. આ દરમિયાન મિલન ભુરીયાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે યોગેશ ભુરીયાને માથા તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતાં તેને સારવાર અર્થે ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ, ઈકો કારના ચાલક સાગર ચંદ્રસિંહ ડામોર અને ક્રુઝર સવાર પ્રકાશભાઈ સમસુભાઈ ભાભોરનાં પણ મોત નીપજ્યાં હતાં. આમ, આ ગમખ્વાર અકસ્માતમાં કુલ ત્રણ યુવકોનાં મોત થતાં ત્રણેય પરિવારોમાં શોકની લાગણી ફરી વળી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પરિવારજનો પણ ઝાયડસ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. દાહોદ રૂરલ પોલીસે બનાવ અંગે કાર્યવાહી હાથ ધરી છે.

### નોંધણી કે વેરિફિકેશન કરાયું ન હતું

## પરપ્રાંતિય ભાડૂઆત રાખનાર મકાનમાલિક વિરુદ્ધ ગુનો દાખલ

(પ્રતિનિધ) કાલોલ તા.23
કાલોલ તાલુકાના મધવાસ ગામે પોલીસની પરવાનગી કે વેરિફિકેશન કરાવ્યા વિના પરપ્રાંતિય ઈસમને મકાન ભાડે આપવા બદલ એક મકાનમાલિક વિરુદ્ધ કાલોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, પંચમહાલ એસ.ઓ.જી. (SOG) શાખાના અનામત હેડ કોન્સ્ટેબલ કમલેશભાઈ પરસોત્તમભાઈ અને તેમની ટીમ કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મળેલ બાતમીના આધારે પોલીસે મધવાસ ચોકડી, શંકરપુરા ફળિયા ખાતે તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ત્યાં રહેતા આકાશ દિનેશભાઈ તિવારી મૂળ નિવાસી જહરા, તા.જી. મૌગંજ, મધ્યપ્રદેશ ની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તે છેલ્લા છ મહિનાથી આ મકાનમાં ૪,૦૦૦/- ના માસિક ભાડાથી રહે છે. મકાનમાલિક છત્રસિંહ પ્રભાતસિંહ પરમાર (રહે. મધવાસ ચોકડી, શંકરપુરા ફળિયા, તા. કાલોલ) દ્વારા ભાડૂઆતનું કોઈ ઓળખકાર્ડ આધારકાર્ડ કે આઈડી પ્રૂફ લેવામાં આવ્યું નહોતું, તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આ અંગે કોઈ નોંધણી કે વેરિફિકેશન કરાવવામાં આવ્યું નહોતું. મકાનમાલિકે જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરાના જાહેરનામા નો સ્પષ્ટ ભંગ કર્યો હોવાનું સામે આવ્યું છે.

### દુર્ઘટનાને લઇ જીતપુરા ગામમાં શોકનો માહોલ છવાયો

## રામપુરા પાસે ઈકો ગાડીની અડફેટે જીતપુરાના યુવાનનું મોત નીપજ્યું



(પ્રતિનિધ) હાલોલ તા.23
હાલોલ ના જીતપુરા ગામના 35 વર્ષીય યુવક ગત રોજ નોકરી કરી ઘરે પરત ફરી રહ્યા હતા દરમ્યાન રામપુરા નજીક પગે ચાલી રોડ ક્રોસ કરતી વખતે ઈક્કો ગાડી ના ચાલકે અડફેટમાં લેતા સર્જાયેલ અકસ્માત માં યુવક નું મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે મૃતકના ભાઈ એ હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત મોત નો ગુનો નોંધી તપાસ હથધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ હાલોલ તાલુકાના જીતપુરા ગામના નિશાળ ફળિયામાં રહેતા મુકેશભાઈ રમેશભાઈ પરમાર ઉ.વ. 35 ના ઓ ગત બુધવાર ના રોજ સાંજે કંપનીમાં નોકરી પૂરી કરીને પોતાના સાથી મિત્ર પ્રવીણસિંહ (ઉર્ફે પિન્ટુ ચૌહાણ) સાથે ચાલતા ઘર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન રામપુરા ગામે આવેલી પોલીકેબ કંપનીના ગેટ નંબર-૪ સામે, અવની પેટ્રોલ પંપ નજીક સર્વિસ રોડ પર રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. દરમ્યાન એક ઈક્કો કાર ના ચાલકે પોતાના કબજાની કાર પૂરઝડપે અને બેદરકારી પૂર્વક હંકારી રસ્તો ક્રોસ કરી રહેલા મુકેશભાઈ પરમાર અને પ્રવીણસિંહ ચૌહાણ ને અડફેટમાં લીધા હતા. જોકે પ્રવીણસિંહ ચૌહાણ કઈ થયું ના હતું પરંતુ મુકેશભાઈ ને જોતદાર ટકકર વાગતા તે રોડ પર ફંગોળાઈ ગયા હતા. જેને લઈ તેમને માથાના તેમજ શરીર ના ભાગે ગંભીર ઈજા ઓ થઇ હતી. જોકે ઈક્કો ચાલાક ઈજાગરસ્ત પૂકેશભાઈ ને પોતાની ઈક્કોમાં હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ને આવ્યો હતો. અને તેમને હોસ્પિટલ માં ઉતારી ઈક્કો ચાલાક ઈક્કો ગાડી મૂકી ભાગી છૂટ્યો હતો. જયારે ઈજાગ્રસ્ત મુકેશભાઈ ને સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે મૃતકના ભાઈ એ હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત મોત નો ગુનો નોંધી મૃતક નું પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે. બનેલી દુર્ઘટનાને લઇ જીતપુરા ગામ માં ભારે શોક ની લાગણી ફેલાઈ જવા પામી હતી.

### નાંદરખા ચોકડી નજીક આવેલી હોટલમાં કાર્યવાહી

## ‘હરીયાણા મેવાત હોટલ નેશનલ’માં CCTV ન લગાવતા ગુનો દાખલ

(પ્રતિનિધ) કાલોલ તા.23
પંચમહાલ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરવામાં આવેલા સરકારી જાહેરનામાનો અનાદર કરવા બદલ કાલોલ તાલુકાના નાંદરખા ચોકડી નજીક આવેલી એક હોટલના સંચાલક સામે વેજલપુર પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, તા. ૨૨ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ગોધરા એસ.ઓ.જી. (SOG) શાખાના અનામદાસ પો.કો. રાજેશકુમાર વિજયસિંહ તથા પોલીસ સ્ટાફ વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન હોટલો અને ઢાબાઓમાં સુરક્ષાના ભાગરૂપે સીસીટીવી કેમેરા લગાવેલા છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી રહી હતી.

તપાસ દરમિયાન, વેજલપુરથી ગોધરા રોડ પર નાંદરખા ચોકડી પાસે, ભારત પેટ્રોલ પંપની બાજુમાં આવેલ ‘હરીયાણા મેવાત હોટલ નેશનલ’ ની પંચોની હાજરીમાં આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. તપાસ દરમિયાન હોટલના કાઉન્ટર પર હાજર હોટલના માલિક અને સંચાલક મોહંમદ ગુફરાન અલી સૈયદ (ઉં.વ. ૨૯, રહે. સહારા સોસાયટી, મોડાસા, જી. અરવલ્લી) મળી આવ્યા હતા.પોલીસ ટીમ દ્વારા હોટલ પરિસરમાં સીસીટીવી કેમેરા અંગે ચેકિંગ કરતા ત્યાં એક પણ સીસીટીવી કેમેરો લગાવેલો મળી આવ્યો ન હતો. જેથી હોટલ સંચાલકે પંચમહાલ જિલ્લા મેજિસ્ટ્રેટ ગોધરાના જ જાહેરનામાનો નો સ્પષ્ટ ભંગ કર્યો હોવાનું માલૂમ પડ્યું હતું.

### આનંદ હોસ્પિટલમાં સર્જરી કરાવાઈ

## શિવરાજપુરના જંગલમાંથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત ઘુવડનું રેસ્ક્યૂ કરાયુ



(પ્રતિનિધિ) હાલોલ તા.23
હાલોલ તાલુકાના શિવરાજપુરના જંગલ વિસ્તારમાંથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમા (Brown Fish Owl) પ્રજાતિના ઘુવડને રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ઘુવડની પાંખમાં ગંભીર ઈજાઓ હોવાથી તે ઉડી શકે તેવી સ્થિતિમાં નહોતું. આ અંગે વન્યજીવ રેન્જ શિવરાજપુરના આર.એફ.ઓ. અજયસિંહ ભાટી ના માર્ગદર્શન અને સલાહ-સૂચનથી સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા ઘુવડને વધુ સારવાર માટે આનંદ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યું હતું.

જ્યાં નિષ્ણાત તબીબો દ્વારા ઘુવડની પાંખની સર્જરી તેમજ જરૂરી દવા-સારવાર કરવામાં આવી હતી. આ સેવાકાર્ય દરમિયાન વન વિભાગના સ્ટાફમાંથી પૃથ્વીસિંહ ચૌહાણ, સિદ્ધાંત જીવદયા ટીમના સભ્ય નિલેશસિંહ ચૌહાણ તથા ડૉ. પ્રિયદતભાઈ વરિયા સાથે રહ્યા હતા. સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા અબોલ જીવોની પીડા સમજીને તેમને સમયસર સારવાર મળી રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવે છે. વન વિભાગના માર્ગદર્શન અને સહયોગથી કરવામાં આવેલી આ કામગીરી વન્યજીવોના સંરક્ષણ અને જીવદયાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ બની છે.

### ઝાપટાથી વાતાવરણમાં પલટો

## ચિકદા-ડેડીયાપાડા વચ્ચે કમોસમી અમીછાંટણા



(પ્રતિનિધિ) ચિકદા તા.23
નવનિર્મિત ચિકદા તાલુકાથી ડેડીયાપાડા તાલુકા વચ્ચેના વિસ્તારમાં શુક્રવારે બપોરે કમોસમી છૂટોછવાયો વરસાદ પડ્યો હતો. છેલ્લા ઘણા દિવસથી શિયાળાની ઋતુમાં ઉનાળાના તાપ સહન કરવાનો વારો આવ્યો હતો, જેના કારણે વાતાવરણ પર અસર થઈ રહી હતી.જો કે, આજે ચિકદા તાલુકામાં શંભુનગર સહિત અનેક ગામડાઓ તથા ડેડીયાપાડા પંથકમાં શુક્રવારે બપોરે કમોસમી ક્ષણિક ઝાપટું પડ્યું હતું. આ અમીછાંટણાને કારણે વાતાવરણમાં મહદઅંશે ફેરફાર થયો હતો. ઝાપટા પડ્યા બાદ ફરીથી તડકો પડવા માંડ્યો

## પીપલોદ-સંજેલી સ્ટેટ હાઈવે પર રસ્તો બેસી જતા અકસ્માતનો ભય

સંજેલી : પીપલોદથી સંજેલી જતા સ્ટેટ હાઈવેનો રસ્તો અને નાળા થોડા સમય પહેલા જ બનાવવામાં આવ્યા હતા. પરંતુ ગુણવત્તા અંગે સવાલ ઉઠે તેવી સ્થિતિ સામે આવી છે. રસ્તા પર આવેલા અમુક નાળાની આજુબાજુનો રસ્તો બેસી જતા ખાડા પડી ગયા છે. જેના કારણે વાહનચાલકોને અચાનક બ્રેક મારવી પડે છે અને મોટા અકસ્માતનો ભય સતત સતાવી રહ્યો છે. ખાસ કરીને કેસરપુર ગામે બનાવવામાં આવેલ નાળા ની એક સાઈડ પણ બેસી જતા તેમાં બેઠા ખાડા પડી ગયા છે જેના અકસ્માત થવાનો ભય રહે છે જ્યારે વાહનચાલકો અને ગ્રામજનોએ તંત્ર પાસે માંગ કરી છે કે, હાઈવે પરના તમામ નાળાની તપાસ કરીને બેસી ગયેલા ભાગોને તાત્કાલિક રિપેર કરવામાં આવે તેવી માગ કરાઈ છે.

### ૨૩ કિલો શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો

## સંજેલી નગરમાં ગેરકાયદે ચાલતા કતલખાના ઉપર પોલીસની રેડ



(પ્રતિનિધિ) સંજેલી તા.23
સંજેલી સ્માર્ટ પોલીસના સહિત ગૌરક્ષકોનો કાફલો સાથે આરોપીની દુકાન સહિત ઘર પર દરોડો પાડ્યો હતો. આરોપી પોલીસને ચકમો આપી ધાબા પરથી અન્ય ધાબા કુદકો મારીપોલીસની સામે જ રફૂચક્કર થઇ ગયા હતાં. જો કતલખાનાઓ બંધ કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં સંજેલીમાં રેલી કાઢવાની પણ ચીમકી ઉચ્ચારી. સંજેલીમાં ગેરકાયદે કતલખાનાઓ ધમધમી રહ્યા છે.સંજેલીમાં ખાટકીઓ ગૌવંશવશોનો કતલ કરીને ગેરકાયદે વેચાણ કરતા હોવાની ગુપ્ત માહિતી ના આધારે ગૌરક્ષકો અને સંજેલી પોલીસને સાથે રાખી રેડ કરતા અંદાજે 23 કિલો જેટલો શંકાસ્પદ ગૌવંશનો માસનો જથ્થો ઝડપી પાડ્યો આ રેડ દરમિયાન બે જેટલા આરોપીઓ ધાબાની છત પરથી અન્ય ધાબાઓનો સહારો લઈ રફુચક્કર થઈ ગયા આ બાબત નો વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ પોલીસ ગૌરક્ષકો દેખતા રહી ગયાને આરોપીઓ ગાયબ થઈ ગયા. સંજેલી નગરમાં ખાટકી ફળિયામાં રહેતો ઈમ્તિયા ડબ્બા નામનો યુવકને ત્યાં દુકાન સહિત ઘરમાં ગુપ્ત રીતે ગોવંશનું કતલ હોવાની બાદમીને આધારે રેડ કરતા આરોપી ઘટના પરથી ફરાર થઈ ગયો સંજેલી સ્માર્ટ પોલીસે પંચોની હાજરીમાં ઘરની તલાશ લેતા 23 કિલો જેટલો શંકાસ્પદ ગૌવંશનો જથ્થો જપ્ત કર્યો પોલીસે આ શંકાસ્પદ જથ્થો કબજે કરી એફ.એસ.એલ માટે મોકલી આપ્યો અન્ય જથ્થો સંજેલીના ત્રણ કિમી દૂર માંસનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.

### ઘાસચારાની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માગ

## દાહોદ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા કોંગ્રેસ દ્વારા માગણી કરાઈ



(પ્રતિનિધ) સંજેલી તા.23
દાહોદ જિલ્લામાં પડેલા ઓછા વરસાદ ને કારણે વરસાદના આધારે ખેતી કર્તા ખેડૂતોને નુકસાન વેઠવવું પડ્યું છે જેથી દાહોદ જિલ્લાને દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું દાહોદ જિલ્લામાં પડેલા ઓછા વરસાદ અને વરસાદને આધારે ખેતી કરતા ખેડૂતોને આ વર્ષે નુકસાન વેઠ્યું પડયુ છે.
જેથી દાહોદ જિલ્લાને ઉષ્કાળ કરવાની માંગ સાથે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું દાહોદ જિલ્લામાં ચાલુ વર્ષે કુદરત પણ ખેડૂતો પર રૂઠ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ચોમાસાની ઋતુ દરમિયાન જિલ્લામાં નહિવત અને અનિયમિત વરસાદ પડવાના કારણે ખેતી પાકો સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે.

સિંચાઈની પૂરતી સુવિધા વગર માત્ર વરસાદી પાણી પર જ નિર્ભર રહેતા ગરીબ અને સામાન્ય ખેડૂતોને આ વર્ષે ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

### પ્રમુખના ચાર અને મહામંત્રીના બે ઉમેદવારો મેદાનમાં

## સંજેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં ખરાખરીનો જંગ

(પ્રતિનિધ) દાહોદ તા.23
સંજેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની પ્રમુખ અને મહામંત્રી પદની ચૂંટણીને લઈને શિક્ષક આલમમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. વર્ષોથી ચાલતી ખેંચતાણ બાદ અચાનક ચૂંટણીની તારીખો જાહેર થતાં ઉમેદવારોમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણીમાં જીત મેળવવા માટે ઉમેદવારો દ્વારા એડીચોટીનું જોર લગાવી મતદારોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. સંજેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી કુમાર શાળા ખાતે યોજાનાર છે. પ્રમુખ અને મહામંત્રી એમ બે મહત્વપૂર્ણ હોદ્દા માટે કુલ છ ઉમેદવારો મેદાનમાં છે. તાલુકાના આશરે 462 મતદારો આ ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે. પ્રમુખ પદ માટે ચાર ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે, જેમાં રમેશ સેલોત, ભરત ચારેલ, દિલીપ રાવત અને સુરેશ ભેદીનો સમાવેશ થાય છે. જ્યારે મહામંત્રી પદ માટે શાંતિલાલ ગરાસિયા અને દિનેશ ભુરિયા વચ્ચે સીધી ટક્કર જોવા મળશે. ચૂંટણીને લઈને ઉમેદવારો દ્વારા મતદારોને રીઝવવા માટે પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. એક તરફ જીતની આશા અને બીજી તરફ પરિણામ અંગેની ઉત્સુકતા વચ્ચે શિક્ષક વર્તુળોમાં ‘કભી ખુશી, કભી ગમ’ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રાથમિક માહિતી અનુસાર, શનિવારે બપોરે 12:00 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદાન પૂર્ણ થયા બાદ તુરંત જ મતગણતરી કરીને પરિણામ જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા પ્રતિનિધિની બિનહરીફ વરણી થયા બાદ હવે સંજેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની પ્રમુખ અને મહામંત્રી પદની ચૂંટણી પર સૌની નજર મંડાઈ છે. આશરે 462 મતદારો અને છ ઉમેદવારો વચ્ચે યોજાનારી આ ચૂંટણીમાં કોના શિરે વિજયનો તાજ સજશે તે જોવું રસપ્રદ બની રહેશે.

### નવીન પરિસરથી બેંકિંગ સેવાઓ વધુ સુગમ બનશે

## હાલોલમાં બેંક ઓફ બરોડાના નવા પરિસરનું લોકાર્પણ કરાયું



(પ્રતિનિધ) હાલોલ તા.23
બેંક ઓફ બરોડા દ્વારા હાલોલ ખાતે આવેલી કણજરી રોડ શાખાના નવા અને સુવિધાજનક પરિસરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. નવા પરિસરનું વિધિવત ઉદ્ઘાટન બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર લાલ સિંહના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બરોડા ઝોનના જનરલ મેનેજર અને ઝોનલ હેડ વિનય કુમાર રાઠી, ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન યોગેશ અગ્રવાલ, ડીજીએમ (બિઝનેસ ડેવલપમેન્ટ) ગિરીશ મનસાણી, ડીજીએમ (કમ્પ્લાયન્સ) લક્ષ્મીકાંત, ગોધરા ક્ષેત્રના એજીએમ અને પ્રાદેશિક વડા કૌશલ કિશોર પાંડે તેમજ શાખા પ્રબંધક કુલદીપ પાંડે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (GNFSU) ના કુલપતિ ડૉ. સી. કે. ટિમ્બડિયા અને પંચમહાલ જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર મયૂરધ્વજસિંહ પરમારે પણ હાજરી આપી હતી. મહિલા ઉદ્યોગસાહસિકતા અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સ્વસહાય જૂથો (SHG) દ્વારા નિર્મિત સ્થાનિક સામગ્રીના સ્ટોલ પણ પ્રદર્શિત કરાયા હતા.

### AIR ૧૧મી આવતાં વેજલપુર ગામનું ગૌરવ વધાર્યું

## વેજલપુરના અયાન શાહનો CA ઈન્ટરમીડિયેટમાં દેશભરમાં ડંકો



(પ્રતિનિધ) કાલોલ તા.23
કાલોલ તાલુકાના વેજલપુર ગામ માટે ગૌરવ અને હર્ષોલ્લાસની ક્ષણ સર્જાઈ છે. ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા લેવાયેલી CA ઈન્ટરમીડિયેટ પરીક્ષામાં મૂળ વેજલપુર ગામના તેજસ્વી યુવાન અયાન શાહે સમગ્ર ભારતમાં ૧૧મો ક્રમ હાંસલ કરીને પરિવાર સહિત સમગ્ર પંચમહાલ જિલ્લાનું નામ રાષ્ટ્રીય ફલક પર રોશન કર્યું છે. મૂળ પંચમહાલ જિલ્લાના વેજલપુર ગામના વતની અને હાલ અમદાવાદ ખાતે સ્થાયી થયેલા જાણીતા ટેક્સ એડવોકેટ તેજસભાઈ રમેશભાઈ શાહના સુપુત્ર અયાન શાહે નાની ઉંમરે જ આ અસાધારણ સફળતા પોતાના નામે કરી છે. ઘરમાં કાયદા અને કરવેરાના અભ્યાસનું વાતાવરણ હોવાની સાથે અયાને પોતાના શિક્ષણ પ્રત્યે શરૂઆતથી જ ઊંડી રુચિ દાખવી હતી. સતત પરિશ્રમ અને શિસ્તબદ્ધ તૈયારીનું પરિણામ CA ની પરીક્ષા દેશની સૌથી અઘરી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સ્થાન ધરાવે છે. અયાન શાહે પોતાની આ સિદ્ધિ અંગે જણાવતાં સ્પષ્ટ કર્યું કે, દૈનિક નિયમિત અભ્યાસ, વિષયોની ઊંડી સૈદ્ધાંતિક સમજ, સતત રિવિઝન અને સમય વ્યવસ્થાપન તેમની સફળતાની મુખ્ય ચાવી રહી છે. કોઈ પણ પ્રકારના માનસિક દબાણ વગર તેમણે આયોજનબદ્ધ રીતે અભ્યાસ હાથ ધર્યો હતો, જેનું પરિણામ આજે રાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠ પરિણામ સ્વરૂપે સામે આવ્યું છે. પરિણામ જાહેર થતાં જ અયાન શાહના વેજલપુર સ્થિત વતન તેમજ અમદાવાદ નિવાસસ્થાને ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.